# ભાજપ-કોંગ્રેસની રાજકીય બેઠકોથી જિલ્લાનો રાજકીય માહોલ ગરમાયો

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ વહેલી આવવાની અટકળો વચ્ચે આજે જિલ્લામાં રાજકીય ગતિવિધિઓથી માહોલ ગરમાયેલો જોવા મળી રહ્યો છે.

દહેગામ તાલુકાના પૂર્વ ધારાસભ્ય કામીનીબા રાઠોડે કોંગ્રેસ છોડવાના સ્પષ્ટ સંકેતો આપી દીધા છે. જિલ્લા સંગઠન પછી તાલુકા સંગઠનોમાં પણ નવી નિમણુંકોને લઈ જિલ્લા કોંગ્રેસમાં બેઠકોનો સિલસિલો શરૂ થઈ જવા પામ્યો છે. ત્યારે પૂર્વ ધારાસભ્ય કામિનાબા પણ પક્ષમાં કોઈ સાંભળવા વાળુ નથી, સમજવા તૈયાર નથી, અવમાનોના ઘુંટડા કેટલા પીવા જેવી વાતો કરી રહ્યા છે.

કામીનાબા રાઠોડ અને રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીની મુલાકાતને પણ રાજકીય વિશ્લેષકો સૂચક લેખાવી શ્રીમતિ રાઠોડ કોંગ્રેસને બાય બાય કરી અને ભાજપમાં ભળી જશે તેવી વાતો વહેતી થઈ છે.

જિલ્લાના રાજકારણમાં છેલ્લા એક પખવાડિયાથી રાજકીય ગતિવિધિઓ તેજ બની છે અને હાલ તો ગરમાવાનો જે માહોલ જામ્યો છે તેને લઈ રાજકીય વર્તુળોની નજરો પણ જિલ્લાના રાજકીય પ્રવાહોમાં થનારા પરિવર્તનોને લઈ નજર રાખી રહ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારીના વર્તન અને વ્યવહારને લઈ સભ્યોએ લખેલા લેટર બોમ્બ પછી સભ્યો અને પ્રભારી હર્ષદભાઈ પટેલ અને મહામંત્રી રમણભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. જેમાં જિલ્લા પ્રમુખને ઘણી બધી બાબતો અને ફરિયાદોને લઈ ઠપકો આપી નારાજગી વ્યક્ત કરાઈ હતી. સભ્યોએ ડી.ડી.ઓ.ની સાત દિવસમાં બદલી કરવાના આપેલા અલ્ટીમેટમને લઈ હવે સૌની નજર ત્યાં પણ સ્થિર થઈ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પણ ગાંધીનગરમાં બે મહત્વના કાર્યક્રમોમાં હાજરી આપી સહકાર જગતની સક્રિયતાને રાજકારણમાં સક્રિય થવાના સંકેતો આપ્યાની વાતો પણ ચર્ચામાં છે.

તો આજે જિલ્લામાં ગાંધીનગર (ઉ) વિધાનસભા બેઠકનું મોટુ ગામ ગણાતા સરઢવમાં વિકાસપર્વની ઉજવણીમાં મુખ્યમંત્રીએ બે કલાક અહિ ગાળ્યા હતા. તેમની સાથે શિક્ષણમંત્રી જીતુ વાઘાણી પણ ગયા હતા. સરઢવ હોસ્પિટલના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં તત્કાલીન શિક્ષણમંત્રી ગોરધનદાસ ચોખાવાલા આવ્યા હતા. આ પછી એક અન્ય કાર્યક્રમમાં નવલભાઈ શાહ પણ હાજર રહ્યા હતા. જે ઉલ્લેખનીય છે. અર્થાત રાજ્યના ત્રીજા શિક્ષણમંત્રી સરઢવની મુલાકાતે આવ્યા તે વાત છે.

આજે ભૂપેન્દ્રભાઈ પટેલ સરઢવના કાર્યક્રમમાં હાજરી આપી ગાંધીનગર (દ) બેઠકના મોટા ગામ તરીકેની ઓળખ ધરાવતા અડાલજ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ગરમીનો મિજાજ ફરી ઉગ્ર

## મહત્તમ તાપમાન એક ડીગ્રી ઉંચકાયુ : ગરમી વધવાની સાથે લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ૩ ડીગ્રીનો ફેરફાર

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં શિયાળાની ઠંડીના દિવસોની જેમ ઉનાળો પણ આકરો પુરવાર થઈ રહ્યો છે. ગત સપ્તાહમાં ગરમીનો મિજાજ ઉગ્ર બનતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. ગઈકાલે ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ રહ્યો હતો જેના લીધે છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમી અનુભવતા નગરજનોએ પ્રમાણમાં રાહત અનુભવી હતી જયારે આજે ફરી ગરમીનુ જોર વધી ગયુ છે. આજે મહત્તમ તાપમાન ૪૦. ૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ. દિવસ દરમિયાન આકરી લું માં નગરજનો શેકાયા હતા. છેલ્લા ઘણાં સમયથી એકાદ દિવસને બાદ કરતા મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની આસપાસ જ રહે છે.

ગાંધીનગરમાં ઉનાળાની મોસમ નિખરી છે. છેલ્લા ઘણાં સમયથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીની પાર જોવા મળી રહ્યો છે. ગત સપ્તાહ દરમિયાન શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નજીક પહોંચી ગયુ હતુ જયારે છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો મિજાજ ઉગ્ર રહેતા નગરજનો અંગ



દઝાડતી ગરમીમાં શેકાઈ રહ્યા છે. મહત્તમ તાપમાન પણ મોટાભાગે ૪૧ ડીગ્રીની આસપાસ જ જોવા મળે છે. જો કે ગઈકાલે ગરમીનુ જોર હળવુ થતા મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયુ હતુ આ સિવાય તમામ દિવસોમાં ગરમીનો પારો ૪૧ થી ૪૪ ડીગ્રી વચ્ચે જ રહ્યો છે. જેના લીધે આકાશમાંથી અંગારા વરસાવતી ગરમીથી સૌ કોઈ તોબા પોકારી ગયા છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ગરમીનો પારો ૦. ૮ ડીગ્રી ઉપર આવ્યો છે. જયારે મહત્તમ તાપમાન પણ ૪૦. ૮ ડીગ્રી રહ્યુ હતુ બીજીતરફ લઘુત્તમ તાપમાનમાં પણ ગરમીની જેમ રોજબરોજ તફાવત જોવા મળી રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન પણ ૩.૮ ડીગ્રી નીચે ઉતરી ગયુ હતુ જેના લીધે વહેલી સવારે અને મોડી રાત્રે ગરમીની વિશેષ અસર વર્તાઈ ન હતી અલબત્ત દિવસના આકરા અને અસહ્ય તાપના અંતે રાત્રિના સમયે પ્રમાણમાં ઠંડક અનુભવાઈ હતી. એપ્રિલ મહીનાની શરૂઆતથી ગરમીનો પારો ઉંચે ચઢી રહ્યો છે. દિવસની અસહ્ય ગરમી નગરજનો માટે આકરી પુરવાર થઈ રહી છે. જેથી દિવસ દરમિયાન નગરના માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ ઘટયો છે. જયારે નગરના શોપિંગ બજારમાં પણ ભીડના દ્રશ્યો દિવસે જોવા મળતા નથી. આ વર્ષે શિયાળાની આકરી ઠંડીના દિવસો બાદ ઉનાળો પણ આકારો પુરવાર થઈ રહ્યો છે. મહત્તમ તાપમાન મેં મહીનામાં ૪૪ ડીગ્રી નજીક પહોંચતુ હોય છે. તે એપ્રિલના પ્રારંભે જ ઉપર ચઢી જતા અંગારા વરસાવતી ગરમીથી જનજીવન બેચેન છે. હવામાન નિષ્ણાંતોના મતે આગામી દિવસોમાં પણ હજુ વધુ સખત ગરમી પડવાની સંભાવના છે.

# શહેરની જે.એન.એલ.યુ.માં કોરોનાના વધુ ૮ કેસ નોંધાયા

## જે.એન.એલ.યુ.માં અત્યાર સુધીમાં કેસની સંખ્યા ૭૨ થઈ : કોરોનાનો ઓમિક્રોન વેરિઅન્ટ હોવાનું પરીક્ષણના પરિણામમાં જણાયુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરની નેશનલ લૉ યુનિ.માં આજે કોરોનાના વધુ ૮ કેસ મળી આવ્યા છે. આ એકલા કેમ્પસમાંથી જ અત્યાર સુધીમાં ૭૨ કેસ મળી આવ્યા છે.

નેશનલ લૉ યુનિ.માં છેલ્લા ૭ દિવસથી સતત કેસો મળતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. જોકે શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું અને રિકવરી રેટ ૯૭ ટકાને પાર કરી ગયાનું જણાવવામાં આવી રહ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવો કેસ નોંધાયો નથી તે તંત્ર માટે રાહતના સમાચાર જરૂર છે. ગાંધીનગર શહેરની નેશનલ લૉ યુનિ.ના વિદ્યાર્થીઓ કોરોનાગ્રસ્ત થતાં ચિંતાતુર બનેલ તંત્રએ પોઝીટીવ આવેલા વિદ્યાર્થીઓના નમૂના જીનોમ સિકવન્સની તપાસ માટે મોકલ્યા હતા. જેમાં મોકલેલા ૩૦ જેટલા નમૂનાઓનું આજે પરિણામ આવી ગયુ છે અને તે ઓમિક્રોન હોવાનું પ્રસ્થાપિત થયું છે.

જે.એન.એલ.યુ.માં નોંધાયેલા દર્દીઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધેલા હોવાથી હળવા લક્ષણો કોરોનાના જણાયા હતા પરંતુ હવે પરિણામ પણ આવી જતાં તંત્રના શ્વાસ થોડાક હળવા જરૂર થયા છે.

તંત્રની ટીમોએ આજે પણ ટેસ્ટીંગ અને સર્વેલન્સની કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

# માહિતી નિયામક તરીકે પદભાર સંભાળતા શ્રી આર.કે.મહેતા

ગાંધીનગર, તા.૧૨

રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગના માહિતી નિયામક તરીકે શ્રી આર.કે.મહેતાની નિમણુંક થતા આજે તેઓએ તેમનો



પદભાર સંભાળી લીધો છે. ૨૦૧૧ની બેચના આઈ.એ.એસ. ઓફિસર શ્રી મહેતા આ પહેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્યરત હતા.

શ્રી મહેતા આ અગાઉ વર્લ્ડ બેંક દ્વારા ફાયનાન્સ કરેલ ગુજરાત રેઝિલિયન્ટ સીટીઝ પ્રોગ્રામમાં પ્રોગ્રામ ઓફિસર તરીકે, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર તરીકે, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનમાં મુખ્ય વહીવટી અધિકારી તરીકે, ભારત સરકારના ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર કોર્પોરેશન લિમિટેડમાં ડેપ્યુટી ચિફ પ્રોજેક્ટ મેનેજર તરીકે તથા અમદાવાદ શહેરમાં સિટી ડેપ્યુટી કલેક્ટર સહિત વિવિધ જિલ્લાઓમાં સેવાઓ આપી ચૂક્યા છે.

# શહેરની શાળાઓમાં આર ટી ઈ અન્વયે ધો -૧માં પ્રવેશ માટે ૬૦૬૭ ફોર્મ ભરાયા

## અત્યાર સુધીમાં ૨૧૯૩ બેઠકો સામે ૬૦૬૭ ફોર્મ ભરાયા : આગામી તા ૨૪ એપ્રિલથી શિક્ષણ અધિકાર કાયદા અન્વયે ધો -૧ માં પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડની પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં આર ટી ઈ અન્વયે ધો -૧ માં પ્રવેશ સંબંધિત કાર્યવાહી હાથ ધરવા માટે ગત તા ૩૦ માર્ચથી પ્રક્રીયા શરૂ કરી દેવામાં આવી હતી જયારે ફોર્મ ભરવાની પ્રક્રીયાના અંતે હવે આગામી તા ૨૪ એપ્રિલના રોજ આર ટી ઈ અન્વયે ધો -૧ માં પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડની પ્રક્રીયા હાથ ધરાશે. આ અન્વયે ૨૧૯૩ બેઠકો માટે ૬૦૬૭ ફોર્મ ભરાયા છે.

ગાંધીનગરમાં આર ટી ઈ અન્વયે ખાનગી શાળાઓમાં ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને ધો -૧ માં પ્રવેશ આપવા બેઠકો અનામત રાખવામાં આવે છે. જયારે આ અંતર્ગત જિલ્લાની શાળાઓમાં ૨૧૯૩ બેઠક સામે ૬૦૬૭ ફોર્મ ભરાયા છે. જિલ્લા શિક્ષણ તંત્રના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ અન્વયે ફોર્મની ચકાસણી શરૂ કરી દેવામાં આવી છે. જયારે આ અન્વયે આગામી તા ૨૪ એપ્રિલના રોજ પ્રવેશ સંદર્ભે પ્રથમ રાઉન્ડની પ્રક્રીયા હાથ ધરાશે. ગરીબ અને મધ્યમવર્ગના બાળકો ખાનગી શાળામાં અભ્યાસ કરી શકે તે માટે સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે બાળકોને ધો -૧ માં પ્રવેશ આપવામાં આવે છે. જયારે રાઈટ ટુ એજ્યુકેશનના કાયદા અન્વયે બેઠકો પૈકી ૨૫ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે ગાંધીનગર શહેરમાં શહેરી વિસ્તારની ૪૦ શાળામાં ૪૪૨ બેઠકો ધો -૧ માટે અનામત રાખવામાં આવી છે. જયારે આ માટે પ્રવેશ પ્રક્રીયાને અનુલક્ષી ૨૩૨૫ બાળકોના વાલીઓએ ફોર્મ ભર્યા છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની ૨૩૮ શાળાઓમાં ૧૭૫૧ બેઠકો અનામત રાખવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના બે પોર્ટ પર શિપીંગનું કામ કરતી કંપનીએ લાયસન્સની શરતોનો ભંગ કર્યો


## લાયસન્સ રદ કરી સંડોવાયેલા લોકો સામે પગલાં લેવા વિપક્ષી નેતાનો મુખ્યમંત્રી અને ચીફ સેક્રેટરીને પત્ર

ગાંધીનગર

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના બંદરો પર કામ કરતી એક શિપીંગ કંપની દ્વારા લાયસન્સની શરતોનો ભંગ છતાં કોઈ પગલાં નહીં લેવાતા વિપક્ષના નેતાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ચીફ સેક્રેટરી પંકજકુમારને પત્ર લખી આ કંપનીનું લાયસન્સ રદ કરી સંડોવાયેલા લોકો સામે પગલાં ભરવાની રજૂઆત કરી છે.

વિપક્ષના નેતા સુખરામ રાઠવાએ પત્રમાં જણાવ્યું છે કે શ્રીજી શિપીંગ કંપનીને રાજ્યના નવલખી અને મગદલ્લા બંદર ખાતે સ્ટીવડોરીંગ કોન્ટ્રાક્ટ આપવા માટે અન્ય કંપનીઓના લાયસન્સ રદ કરી દેવામાં આવ્યા છે. એક જ કંપનીને લાભ આપવા માટે થયેલી આ કાર્યવાહીના હિસાબો કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) દ્વારા કરાવવામાં આવે અને આ મદદગારી કરવામાં સંડોવાયેલા સામે પગલાં લેવામાં આવે.

કોંગ્રેસના ધારાસભ્ય ડો.



સુખરામ રાઠવા

વિરોધપક્ષના નેતા ગુજરાત વિધાનસભા ગાંધીનગર

તા. ૩૧-૦૩-૨૦૨૨

કિરીટ પટેલની રજૂઆત પછી વિપક્ષી નેતાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ચીફ સેક્રેટરી પંકજકુમારને પત્ર લખ્યો છે. તેમણે જણાવ્યું છે કે નવલખીમાં યુએસએલની દરિયાઈ સંપત્તિ બાર્જ, ટગ વગેરે શ્રીજી શિપીંગને તબદીલ કરવામાં આવી છે, જેના કારણે પરોક્ષ રીતે સ્ટીવડોરીંગ લાયસન્સ આ કંપની દ્વારા સંચાલિત કરવામાં આવે છે. આ માટે ત્રણ કંપની મરીન બલ્ક કાર્ગો મુવર્સ, ગૌતમ ફ્રેઈટ અને રૂષી શિપીંગનું લાયસન્સ રદ કરવામાં આવ્યું છે.

બીજીતરફ મગદલ્લા બંદર ખાતે શ્રીજી શિપીંગ, કૃષ્ણરાજ અને એએમએનએસ જેટી પર સ્ટીવડોરીંગ માટે એક જ કંપનીના લાયસન્સ હોવાનું જાણવા મળ્યું છે. આ કંપની દ્વારા બંદર પર લાયસન્સની શરતોનું પાલન થયું નથી છતાં કોઈપણ જાતના પગલાં લેવામાં આવ્યા નથી. એક જ કંપનીને ફાયદો કરાવનારા સામે સરકાર પગલાં ભરે તેવી માગણી પત્રમાં કરવામાં આવી છે.

# સરઢવની હાઈસ્કૂલના ૮૦મા જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે આજે શાળાનો ૮૦મો જન્મદિવસ કેક કાપી અને દેસ સેવા માટે બી.એસ.એફ.માં જોડાયેલા બે પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમજ વૃક્ષારોપણ કરી ઉજવવામાં આવ્યો હતો. શેઠ શામળચંદ મોતીચંદ હાઈસ્કૂલ અને બી.પી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલના ૮૦ મા જન્મદિનની ઉજવણી સ્વ. વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા પ્રાર્થના હોલમાં કરવામાં આવી હતી. આ ઉજવણીને લઈ પ્રાર્થના હોલને બલુન્સથી શણગારવામાં આવ્યો હતો તેમજ ટેબલ પર કેક મુકવામાં આવી હતી.

આ ઉજવણી માટે શાળાએ પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણમંત્રી વાઘાણીનું શાળાના બાળકોએ બેન્ડ અને ઘંટનાદ સાથે દોરી જઈ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. શાળાની બાળાઓએ તિલક કરી મહેમાનોને પોંખ્યા હતા. અહિ શાળાની શરૂઆત અને હાલ બનેલ વટવૃક્ષની ટૂંકી વિગતો રજુ કરી સેવાઓ આપનાર શિક્ષણવિદોને યાદ કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

બીએસએફમાં પસંદ થયેલા બે પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરાયુ ત્યારે સંકુલમાં ઉપસ્થિત સૌ ગૌરવાન્વિત થયા હોય તેવી લાગણી અનુભવી હતી. કેક કાપી જન્મદિવસની ઉજવણી કરવાની સાથે સાથે બલુન્સ ફોડી અને આનંદની અભિવ્યક્તી કરાઈ હતી.

આ પછી મુખ્યમંત્રીએ શાળાના પાછળના ભાગમાં ગ્રામજનોની હાજરીમાં પીંપળાનું અને શિક્ષણમંત્રીએ લીમડાનું વૃક્ષ વાવી ઉજવણીને ખુલ્લી મુકી હતી. શાળામાં પૂર્વ વિદ્યાર્થીઓ, હાલના વિદ્યાર્થીઓ તેમજ શાળાનું શિક્ષણગણ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગટર લાઈનના પ્રોજેકટ અન્વયે ૧.૯૯ કરોડના ખર્ચે વધારાની લાઈન નંખાશે

## નવા સેકટરો તેમજ ગામોમાં જયાં વસતી અને વિસ્તાર વધ્યા હોય તે સ્થિતિને અનુલક્ષી વધારાની લાઇન નાંખવામાં આવશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી પ્રોજેકટ અન્વયે પાણી ગટર લાઈનનુ કામ હાથ ધરાયુ છે. શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે ગટર લાઈન પણ પાંચ દાયકાના અંતે સેકટરની વસતી અને વિકાસને અનુલક્ષી મોટાડાયામીટરવાળી નાંખવામાં આવી રહી છે. આ કામગીરીને અનુલક્ષી સે-૧ થી ૧૩ તેમજ ગામોમાં જયાં વસતી અને વિસ્તાર વધુ હોય તેને અનુલક્ષી વધારાની લાઈન નાંખવા માટે પણ નિર્ણય લેવાયો છે. જેની પાછળ અંદાજિત રૂ ૧.૯૯ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે પીવાના પાણીની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. શહેરમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે આ જ રીતે ગટર લાઈન પણ દાયકાઓ જુની હોવાના લીધે જુની લાઈનના ઠેકાણે મોટા ડાયામીટરવાળી નવી લાઈન નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેના અંતે હવે આગામી દિવસોમાં સેકટરોમાં ઉદભવતા ગટરના પ્રશ્નો કાયમી રીતે હલ થશે તેમ પણ મનાઈ રહ્યુ છે. જો કે હજુ આ કામગીરી પુર્ણ થતા સમય લાગશે. જયારે આ કાર્યયોજનાને અનુલક્ષીને સે-૧ થી ૧૩ તેમજ શહેરી વિસ્તારના ગામોમાં જયાં વધતા વિકાસની સાથે વસતી અને વિસ્તારનો વ્યાપ વધ્યો છે. તેવા વિસ્તારમાં પાટનગર યોજના વિભાગ કક્ષાએથી નવી લાઈન નાંખવા માટે રૂ ૧.૯૯ કરોડનો વધુ ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં એકબાજુ દાયકાઓ જુની ગટર લાઈન બદલવાની અનિવાર્યતા ઉભી થઈ છે. અંદાજિત ચાર પાંચ દાયકા પુર્વે નાંખવામાં આવેલી લાઈન હાલની સેકટરની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત નથી જયારે અગાઉ વસતીને ધ્યાનમાં રાખી ગંદા પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી હતી. જો કે સમય જતા નવા સેકટરો અસ્તિત્વમાં આવ્યા બાદ હવે ન્યુ ગાંધીનગર વિસ્તાર પણ વિકાસની હરણફાળ ભરતા શહેરના વિસ્તારનો વ્યાપ વધ્યો છે. જેને અનુલક્ષી આગામી ૨૦૫૦ સુધીની વસતીને અનુલક્ષી નવી લાઈન નાંખવાનુ આયોજન કરાયુ છે. જેની પાછળ અંદાજિત રૂ ૨૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર


પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. ચંદુજી જીવાજી ઠાકોર (સે.૧૫ ફતેપુરા)
ચૈત્ર સુદ-૧૨, ૨૦૨૧ (તિથી)
આપ આજેય પણ અમારા હૃદયમાં જીવંત છો
આપના દિવ્ય આત્માને કોટિ કોટિ પ્રણામ
સર્વે સગા-સ્નેહીઓ, કુટુંબીજનોની
ભાવભીની શ્રદ્ધાંજલિ
લિ.
પ્રહલાદજી ઠાકોર (પુત્ર) વીણાબેન દિલીપજી ઠાકોર (પુત્રી)
કનુજી ચંદુજી ઠાકોર (પુત્ર) નીતાબેન અમરતજી ઠાકોર (પુત્રી)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — ASTRAL PIPES — PRINCE PIPING SYSTEMS — Jaquar experience bathing — DR. FIXIT — Birla White THE WHITEST WHITE CEMENT — ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com